# અરવલ્લી જિલ્લાના જિલ્લાકક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિરમાં

## ૨૫ જાન્યુઆરી સુધી નોંધણી કરાવી શકશે

બાયડ તા.૧૯

અરવલ્લી જિલ્લાના ૧૫ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓ જિલ્લાકક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર તા. ૨૭ જાન્યુઆરી થી તા. ૨ ફેબ્રુઆરી-૨૦૨૨ના દિવસો દરમ્યાન કે.પી હોસ્ટેલ, મોડાસા ખાતે આયોજન-સંચાલન કરવામાં આવનાર છે. જેમાં કોલેજના/શાળા અને સંસ્થાઓના વધુમાં વધુ ૧૫ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓ માટે જિલ્લાકક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ યુવક યુવતીઓ આ શિબિરમાં જોડાય તે માટે માર્ગદર્શન આપવા અને. આ શિબિરમાં જેમની અરજીઓ આવી હશે તેમની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરી આ શિબિરમાં જોડવા માટે જણાવવામાં આવશે. જેથી આપની શાળા/કોલેજના યુવક યુવતીઓને આ તાલીમ શિબિરથી વાકેફ કરી પોતાના નામ, સરનામું, જન્મ તારીખના આધાર પુરાવા સાથેની અરજી કરાવી તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા, જિ.અરવલ્લી ખાતે અરજી મળે તે રીતે મોકલી આપવા જિલ્લા રમતગમત અધિકારી, હર્ષાબેન ઠાકોર અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

# ધનસુરા કોલેજમાં વિદ્યાર્થીઓ માટે સ્વેટર વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું



ધનસુરા, તા.૧૯

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી નિયમિત આવતા વિદ્યાર્થીઓને કડકડતી ઠંડી સામે રક્ષણ મેળવવા માટે આઝાદી ના અમૃત મહોત્સવ નિમિત્તે સ્વેટર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું ,જેમાં સંચાલક મંડળના હોદેદારો શ્રી ગોપાલભાઈ ઠેકડી , અતુલભાઈ બ્રહ્મભટ્ટ, વિઠ્ઠલભાઈ પટેલ હાજર રહ્યા હતા ,જેનો લાભ કોલેજ માં નિયમિત લેક્ચર ભરતા વિદ્યાર્થી ઓએ લીધો ,જેમાં સંપૂર્ણ આર્થિક સહયોગ પ્રિન્સિપાલ શ્રી ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ, એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રો.દીપ્તિબેન નિમાવત તથા પ્રો.ભારતીબેન ગાંવિતના આર્થિક સહયોગથી આ ઉમદા કાર્ય ને સંપન્ન કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાયો હતો જેમાં અધ્યાપકો હાજર રહી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું

# ડીસાના સીએની પત્ની હત્યા કેસના મુખ્ય આરોપીની જામીન અરજી સુપ્રીમે રદ કરી

ડીસા, તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં જાણીતા સીએની પત્નીને વાહનની ટક્કર મારી હત્યાના ચકચારી કેસમાં સુપ્રિમ કોર્ટે મુખ્ય આરોપી પતિને હાઈકોર્ટે આપેલ જામીન રદ કરી ૭ દિવસમાં હાજર થવાનો આદેશ કર્યો છે.

ડીસામાં રહેતા અને સીએનો વ્યવસાય કરતા લલિત ગણપતજી ટાંક ગત ૨૬ મી ડિસેમ્બર ૨૦૨૦ના રોજ પોતાની પત્ની દક્ષાબેનને ગેળા હનુમાનજીના દર્શન કરવાના બહાને પગપાળા લઈ જતો હતો.દરમ્યાન કાપરા પાસે પૂર્વ આયોજિત કાવતરા મુજબ ગાડીથી ટક્કર મારી દક્ષાબેનની હત્યા કરી હતી.જે બાબતે ભીલડી પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે તપાસ કરતા હત્યામાં સામેલ સીએ લલિત ટાંક, ગાડીથી ટક્કર મારનાર ડ્રાઈવર મહેશ વીરાજી માળી અને સમગ્ર હત્યા માટે સોપારી લેનાર કીર્તિ કાનાજી સાંખલા હોવાનું માલુમ પડ્યું હતું.જેથી પોલીસે અગાઉ ત્રણેયને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. જો કે મુખ્ય આરોપી લલિત ટાંકે અલગ અલગ કોર્ટમાં જામીન અરજી મૂકી હતી જે નીચેની કોર્ટે જામીન અરજી ના મંજુર કરતા આરોપીએ હાઈકોર્ટમાં જામીન અરજી મુકતા તા.૩૦.૭.૨૦૨૧ ના રોજ ગુજરાત હાઈકોર્ટના સિંગલ જજે જામીન મંજુર કર્યા હતા આથી દક્ષાબેનના પરિવાર હાઈકોર્ટના હુકમથી નારાજ થઈ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા. જે અરજી નામ.જજ એમ. આર. શાહ અને સંજીવ ખન્નાની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી પક્ષ અને આરોપી પક્ષના વકીલોની દલીલો સાંભળી ગુજરાત હાઈકોર્ટના સિંગલ જજના જામીનના ચુકાદા પર ભારે નારાજગી દર્શાવી હતી કે આ ગુનામાં માત્ર સંયોગી પુરાવા નહિ પણ સહયોગી પુરાવાની ચેન પણ પૂરી થાય છે અને હાઈકોર્ટ ના અસ્પષ્ટ ચુકાદાને અમે રદ જાહેર કરીએ છીએ અને આરોપી ને ૭ દિવસમાં લાગતી વળગતી કોર્ટ/ જેલ ઓથોરીટી સમક્ષ હાજર થવા સુપ્રીમ કોર્ટે ફરમાન કર્યું છે.

# વાંટડા ગામે મહાકાળી માતાજી અને બ્રહ્માણી માતાજી મંદિરનો લોકમેળો સતત બીજા વર્ષે મોકૂફ...

ગાંભોઈ તા.૧૯

રાજય સહિત સાબરકાંઠા જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેર ચાલુ થતાં પરિસ્થિતિ દિવસેને દિવસે વિકટ બનતી જાય છે. આ જીવલેણ રોગચાળાની ઝપેટમાંથી બચવા સરકાર દ્વારા રસીકરણ સાથે ગાઈડલાઈન પાડવામાં આવી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પ્રતિદિન કોરોના કેસોમાં વધારો થતાં ગાંભોઈ પંથકના વાંટડા ગામે પ્રતિવર્ષે ભરાતો મેળો સતત બીજા વર્ષે મોકૂફ રાખવામાં આવ્યો છે.

હિંમતનગર તાલુકાના વાંટડા ગામે પૂરાણા પાવાગઢ તરીકે ઓળખાતા અને ડુંગર પર આવેલ મહાકાળી માતાજી મંદિર તથા બ્રહ્માણી માતાજી મંદિરે દર વર્ષે ૨૨ જાન્યુઆરીના રોજ પરંપરાગત લોકમેળો યોજાયો હતો. જેમાં હજારોની સંખ્યામાં જિલ્લાની શ્રદ્ધાળુ જનતા પોતાની બાધા-આખડી પૂરી કરવા મોટી સંખ્યામાં આવતી હોય છે પરંતુ હાલ કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી કોવિડ-૧૯ મહામારીના કારણે સરકારની ગાઈડલાઈન મુજબ આ લોકમેળો સંપૂર્ણ બંધ રહેશે એમ એક નિવેદનમાં વાંટડા ગામના સરપંચ હિરસિંહ હજૂરસિંહ પરમારે જણાવેલ છે.

# પ્રાંતિજના તાજપુર પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત

**બાઇક ઉપર જઇ રહેલ બે ને ઇજાઓ થઈ : બાઇક ઉપર જઇ રહેલ બન્ને ઇજાગ્રસ્તો પ્રાંતિજના અનવરપુરા : ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા**

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના તાજપુર પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા બાઈક ઉપર જઈ રહેલ અનવપુરા ના બે ઈસમો ને ઈજાઓ પોહચતા સારવાર અર્થે ખસેડયા હતા.



હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજ ના તાજપુર પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા બાઈક નંબર-જીજે૦૯ઙ્ઢ૯૯૮૯ જઈ રહેલ બે ઈસમો ને ઈજાઓ પોહચી હતી તો કાર નંબર જીજે૧૮છઝ૯૮૮૮ મા સવાર ચારેય ઈસમો નો આબાદ બચાવ થયો હતો તો અકસ્માત મા બાઈક ઉપર જઈ રહેલ પ્રાંતિજ ના બે ઈસમો ને શરીરે ઈજાઓ પોહચતા બન્ને ઈજા ગસ્તો ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.

# પ્રાંતિજ સહિત તાલુકાના ખેડુતો બેસ્ટ આત્મા પ્રોજેકટ દ્વારા એવોર્ડ આપીને સન્માનિત કર્યા

**પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો ને સન્માનિત કરી ઇનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યાઃ સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ના હસ્તે સન્માનપત્ર આપીને પ્રોત્સાહિત કર્યાઃ જિલ્લાકક્ષા એ ૨૫૦૦૦ તો તાલુકા કક્ષાએ ૧૦,૦૦૦નું ઇનામ આપીને પ્રોત્સાહિત કર્યા**

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ અને તાલુકામા પાકુતિક ખેતી કરી ખેતીના વિકાસ મા નવીનતા લાવી ઉચ્ચ સિધ્ધિઓ હાસલ કરી અન્ય ખેડૂતોને પણ પ્રેરણા આપનાર ખેડુતો ને આત્મા પ્રોજેકટ દ્વારા એવોર્ડ અને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા

પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતોએ કુષિક્ષેત્રે આગવી કોઠા સુઝથી વૈજ્ઞાનિક અભિગમ અપવાની ખેતીના વિકાસ મા નવીનતા લાવી ઉચ્ચ સિધ્ધિઓ હાસલ કરી અન્ય ખેડૂતો ને પણ પ્રેરણા આપનાર પાકુતિક ખેતી કરતા ખેડુતોને આત્મા પ્રોજેકટ દ્વારા ખેડૂતો ને બેસ્ટ આત્મા દ્વારા એવોર્ડ આપી સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ના હસ્તે



સન્માનિત કરવામા આવ્યા હતા જેમા જિલ્લા કક્ષાએ પાકુતિક ખેતી કરતા પલ્લાચર ના વિષ્ણુભાઈ વી.પટેલ ને ૨૫૦૦૦ નુ ઈનામ અને એવોર્ડ આપીને સન્માનિત કરવામા આવ્યા હતા તો તાલુકા કક્ષાએ ૧૦,૦૦૦ નુ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા જેમા પ્રાંતિજ ના ઈશ્વરભાઈ પટેલ ને ફલાવર ની ખેતી માટે પ્રોત્સાહિત કર્યા હતા તો મજરા ખાતે ભીંડા ની ખેતી માટે કાળાભાઈ સોમાભાઈ પટેલ ને પણ પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો પશુ પાલન માટે શ્રધ્ધા બેન અમરીશભાઈ પટેલ તથા જ્યોત્સના બેન કિરીટભાઈ પટેલ એવોર્ડ સન્માન પત્ર અને દશ હજાર નુ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો સમગ્ર કાર્યક્રમ નુ આયોજન જિલ્લા કક્ષા દ્વારા આયોજન કરવામા આવ્યુ હતુ જેમા જિલ્લા પ્રોજેકટ ડાયરેકટર માધવભાઈ ચૌધરી, મહેશભાઈ પટેલ, તાલુકા અધિકારી નરેન્દ્રભાઈ પટેલ , બી.ટી.એમ, વિક્રમસિંહ રાઠોડ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તો સન્માનિત થયેલ ખેડૂતો માં ખુશી જોવા મળી હતી.

## વેપારીઓ માલામાલ, ખેડૂતોની હાલત જૈસે થે

# જિલ્લામાં રીંગણના ભાવે ઓચિંતિરાડ પડાવી, ૧ કી.ગામનો ભાવ ૭૦ : ઐતિહાસિક ભાવ વધારાથી ગૃહીણીઓ ચોંકી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝનમાં લીલા શાકભાજીના ઠંડીની મોસમમાં તમામ પ્રકારની લીલી શાકભાજીનું ઘરઆંગણે ભરપૂર ઉત્પાદન થવાની સાથે બીજા



રાજ્યોમાંથી પણ સસ્તા ભાવે શાકભાજી માર્કેટમાં લવાતી હોય છે જેના કારણે અન્ય ઋતુની સરખામણીમાં શિયાળામાં લીલી શાકભાજી વધુ સસ્તી થતી હોય છે પરંતુ આ વખતે શાકભાજીના ભાવમાં વિષમ હવામાનના કારણે ચઢાવ-ઉતાર જોવા મળી રહ્યા છે. દિપાવલીના તહેવારો પછી શાકભાજીના ભાવ ભડકે બળી રહ્યા હતા જેમાં આવકમાં વધારો થવાથી હમણાંથી શાકભાજી સસ્તી થઈ પરંતુ હવે રીંગણના ભાવમાં ઓચિંતો ભડકો થયો છે. ઐતિહાસિક રીતે રીંગણના વધેલા ભાવના કારણે ભાવ સાંભળીને ગૃહીણીઓ ચોકી રહી છે. જિલ્લામાં કિલો દીઠ રીંગણનો ભાવ ૭૦ સુધી પહોંચી ગયો છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો રીંગણ પકવનારા ખેડૂતોને લોટરી લાગી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. શિયાળાની કાતિલ ઠંડીમાં રીંગણનો ઓળો વધુ આરોગવામાં આવતો હોય છે. જેના કારણે સ્વાભાવિક રીતે બજારમાં માંગ વધુ રહેતી હોય છે પરંતુ હવે ભાવ વધવાથી રીંગણનો ઓળો બેસ્વાદ બને તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ભાવથી માંડ રાહત મળી હતી ત્યાં છેલ્લા દિવસથી રીંગણના ભાવએ શાક બજારમાં રાડ પડાવી છે. કિલો દીઠ ૭૦ સુધી પહોંચી જતાં શિયાળામાં રીંગણ ખાવાં મોંઘાં બન્યાં છે.

છેલ્લા કેટલાક સમયથી બાગાયતી પાક માટે વિષમ હવામાનની સ્થિતિ ઉભી થયા પછી રીંગણના પાકનો ઉતારો ઓછો થતાં તેની સીધી અસર ભાવ ઉપર થયાનું વેપારીઓ જણાવી રહ્યા.

દર વર્ષે શિયાળાની સીઝનમાં શાકભાજીના ભાવ અંશમાં આવતા હોય છે.

### શાકોત્સવમાં રીંગણની વધુ માંગ...

શિયાળામાં રોટલા અને રીંગણ ભડથું ગરીબ, મધ્યમ વર્ગ અને અમીર પરિવારના ભોજન ડીશમાં જોવા મળતા હોય છે. દર વર્ષે જાણીતા સંપ્રદાયના શિયાળામાં શાકોત્સવ યોજાય છે અને તેમાં રીંગણનો વધુ ઉપયોગ થતો હોય છે. જેથી ઓછા ઉત્પાદનમાં માંગ વધતાં વેપારીઓને તડાકો પડ્યો છે.

### માવઠાના કારણે રીંગણનું ઉત્પાદન ઘટ્યું..

જિલ્લામાં શિયાળાની સીઝનમાં રીંગણના ભાવમાં અચાનક ભડકો થયો છે. ભાવ કિલોએ રુ ૭૦ સુધી પહોંચી ગયા છે. આ વખતે બાગાયતી પાકમાં માવઠાના કારણે માઠું નુક્સાન પહોંચ્યું છે તેમાંય રીંગણનું ઉત્પાદન ઘટતાં તેની સીધી અસર ભાવ ઉપર થઈ છે. સીઝનમાં રીંગણના ભાવ ચોંકાવનારી રીતે વધતાં શાક બજારમાં રીંગણે રાડ પડાવી છે.

### ભાવ વધારાથી ખેડૂતોને આચમનરુપ ફાયદો..

જિલ્લામાં રીંગણના ભાવ એકાએક વધતાં રીંગણ પકવતા ખેડૂતોને વધુ ભાવની આશા હતી, વેપારીઓ ૧ મણ રીંગણ છે ૧૪૦૦ના ભાવે બજારમાં વેચી રહ્યા છે. જેની સામે હોલસેલ વેપારીઓ ખેડૂતો પાસેથી ૧ મણ રીંગણ છે ૪૦૦ થી ૫૦૦ના ભાવે ખરીદતાં ખેડૂતોને આચમનપ ફાયદો થઈ રહ્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## ગમે તે ઘડીએ તપાસના આદેશની સંભાવના

# જિલ્લામાં તળાવ ઉંડા કરવામાં આચરાયેલો ભ્રષ્ટ્રાચાર સચિવાલયમાં ચર્ચામાં....!!

## કેટલાંક વાહનોના નંબર ખોટા દર્શાવ્યાની આશંકા

હિંમતનગર, તા.૧૯

જિલ્લામાં તળાવ ઉંડા કરવામાં આચરેલા ભ્રષ્ટ્રાચારના પડઘા ગાંધીનગર સચિવાલય સુધી પહોંચ્યા છે. જેથી ગમે તે ઘડીએ તપાસના આદેશ થઈ શકે છે. જ્યારે તળાવ ઉંડા કરવામાં ખોટું થયું છે તેવા આરોપ લગાડનારાઓ લેખિત ફરીયાદમાં જણાવ્યું છે કે એકના એક તળાવો વારંવાર ઉંડા કરવાનું બતાવી જે ભ્રષ્ટ્રાચાર આદર્યો તેમાં કેટલાંક વાહનોના નંબર ખોટા દર્શાવ્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

મળેલી જાણકારી મુજબ દર વર્ષે જુન મહિનાના અંત પહેલાં તળાવો ઉંડા કરવાની કામગીરી પૂરી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા આ માટે દરેક જિલ્લામાં સ્ટેટ અને જિલ્લા પંચાયત સિંચાઈ શાખાને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે અને તેમાં મોટાપાયે ભ્રષ્ટ્રાચાર આદરી તળિયાથી ટોચ સુધી પ્રસાદ વહેંચવામાં આવે છે. પરંતુ આ મુદ્દે કેટલાંક અધિકારીઓમાં અંદરો અંદર તળા અને માનીતા કોન્ટ્રાક્ટરે વ્હાલા-દવાલાની નીતિ અપનાવ્યા પછી આખોય ભ્રષ્ટ્રાચાર બહાર આવ્યો છે. વાત તો ત્યાં સુધી છે કે કેટલાંક તળાવો અગાઉના વર્ષોમાં ઉંડા થયા હતા તેમને ઉંડા કરવાની કામગીરીમાં દર્શાવીને લખલૂટ ભ્રષ્ટ્રાચાર આદરવામાં આવે છે. તાજેતરમાં રાજ્ય સરકારના મહેસુલ મંત્રીએ કરોડોનો ભ્રષ્ટ્રાચાર ઉજાગર કરીને ભ્રષ્ટ અધિકારીઓને સાણસામાં લીધા છે ત્યારે રાજ્ય સરકાર અને તેના સિંચાઈ મંત્રી દ્વારા જિલ્લામાં આચરવામાં આવેલા ભ્રષ્ટ્રાચારની તપાસ કરવામાં આવે તો અનેક ચોંકાવનારા કૌભાંડ પ્રકાશમાં આવી શકે છે. જે રીતે વિભાગના એક ઈજનેરે સનસની ખેજ આરોપ લગાવ્યા છે તે જોતાં ઘરમાં જીવીત થયેલા વિભીષણ હવે કેટલા અધિકારીઓનું ઘર સળગાવે છે તેની તેના ઉપર સૌ કોઈની નજર ટેકવાઈ ગઈ છે. જ્યારે આ અંગે ગમે તે ઘડીએ રાજ્ય સરકાર તપાસના આદેશ આપી તળાવ ઉંડા કરવાની કામગીરીમાં સંકળાયેલી એજન્સીઓ તથા તેમના મળતીયાઓ અને જે વાહનોનો ઉપયોગ બતાવ્યો હતો તેના રજીસ્ટ્રેશન સહિતની વિગતો તપાસવામાં આવે તો જિલ્લામાં સ્ટેટ અને જિલ્લા પંચાયત સિંચાઈ શાખામાં ચાલતા કરોડોના ગ્રાન્ટચાઉ કૌભાંડનો પર્દાફાશ થઈ શકે છે.

# વોર્ડ નંબર ૪માં સ્વચ્છતાના નામે ધજીયા ઉડયા

## આજ દિન સુધી કોઈ સભ્ય વોર્ડમાં આવ્યા નથી અને ઠેર ઠેર કચરાના ઢગલા અને ગટરો ઉભરાઈ રહી છે

ધાનેરા તા. ૧૯

ધાનેરા નગરપાલિકા માં સરકારશ્રી સ્વચ્છતા ને નામે લાખો રૂપિયાની ગ્રાન્ટો આવે છે છતાં આ આ ગ્રાન્ટો ક્યાં ચાઉ થઈ જાય છે તે ખબર પડતી નથી વોર્ડ નંબર ૪ માં જ્યાં ત્યાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળે છે ગટર ઉભરાઈ રહી છે છતાં કોઈ સ્વછતા નાં નામે કામ થતું નથી તેમજ આવી કોરોના જેવી ગંભીર બીમારીમાં પણ



દવા નો છંટકાવ થતો નથી નગરપાલિકાના સભ્યો ચૂંટણી જીત્યા પછી પણ આજદિન સુધી વોર્ડમાં દેખવા આવ્યાં નથી શું એમની ફરજ માં નથી આવતું તો આવતી ચૂંટણી માં વોર્ડ ના લોકો ને સમજવાની જરૂર છે અને સ્વચ્છતા ના નામે આવતી ગ્રાન્ટો ક્યાં ચાઉ થઈ જાય છે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## જન્મદિને વધામણી



કર્મ કેતનભાઈ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી



પ્રિયંક કુમાર મનુભાઈ પટેલ
રડોદરા તા બાયડ



યજુર્વેદ પ્રવિણકુમાર પટેલ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી



ત્રિલોકભાઈ પંડયા
સેક્રેટરી ,બાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ ધિરાણ મંડળી
ડેમાઈ તા.બાયડ



પિયુષકુમાર કાન્તીભાઈ પટેલ
આકરુન્દ તા.ધનસુરા



ચેતનકુમાર ગોર
શ્રી પી.જી.મેહતા હાઈસ્કૂલ, માલપુર
મોડાસા જિલ્લો અરવલ્લી



પ્રકાશભાઈ સોલંકી
કોર્પોરેટર, નગરપાલિકા બાયડ,
બાયડ

**રક્તદાન મહાદાન**